



# ॥ નવધાભક્તિ વંદના ॥




## નવધાભક્તિ વંદના !

અહીં પ્રેમલ ભક્તિ-સરવાણી વહે છે.
સાહેબજીના મુખેથી સરેલા નવધાભક્તિના જ્ઞાનાંશ છલકે છે;
તેથી, જ્ઞાનનાં ઊંડાં રહસ્યો ઉજાગર થાય છે.
દિવ્ય જીવન જીવવા શક્તિનો સ્રોત વહે છે.
મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે,
સંતભગવંત સાહેબજીની અષ્ટ દશાબ્દીએ વંદન થઈ રહ્યાં છે!
તે મહોત્સવના શુભારંભે નૃત્ય સંગીતનું
ભક્તિસભર આયોજન થયું છે.
સંત કવિઓના ભક્તિગીતોને સમાવ્યાં છે.
શબ્દે શબ્દે જ્ઞાન ભક્તિ ફોરે છે!
દશ્ય-શ્રાવ્ય સાથે ચિંતન કરવાનો અવસર છે,
અધ્યાત્મપથને ઉજ્જ્વલ કરવાનું ટાણું છે !
સમગ્ર આયોજન ભક્તિભીનાં થયાં છે, તેમાં
આયોજકો અને કલાકારોએ પ્રાણ પૂર્યા છે.
પ્રભુ પ્રત્યેની ભક્તિ સાથે સાહેબજીના ચરણે વંદના ધરી છે,
'સાહેબજી'ને રાજી કરવા પ્રેમલ અરજી કરી છે !

હે પ્રભુપરમ !
હે સંતભગવંત સાહેબજી !
'નવધાભક્તિ' સૌ કલાકારોને હૈયે...
આયોજકો અને સહાયકોને હૃદયે...
જુએ... નીરખે... સાંભળે તે સૌ દિવ્ય આતમે...
સદાય ફોરમતી રહો... મઘમઘાટ સર્વત્ર પ્રસરાવતી રહો !

સંતભગવંત સાહેબજીની કૃપાશિષ સાથે
અશ્વિનદાદા અને સૌ સદ્‌ગુરુ સંતોના વંદન સહ
મહોત્સવ પ્રકાશન, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ વતી
આપનાં જ



# નવધાભક્તિ વંદના

**નમસ્કાર ! પ્રણામ !**
**જય શ્રી સ્વામિનારાયણ !**

આપ સૌનું આદર સહ અભિવાદન કરી આવકારું છું મારે આંગણે - હું બ્રહ્મજ્યોતિ !

મંદિરનું સર્જન પોતે જ એક ચિરસ્થાયી સાંસ્કૃતિક ક્રમ છે. એના ઉપક્રમે આ મહોત્સવ અને એ મહોત્સવની આ પહેલી સંધ્યા - સાત જાન્યુઆરી ૨૦૨૦ અને શુભ મંગળવાર. આ સાંજની પ્રતીક્ષામાં સૌ અનુપમ સંતો - મુક્તો કાંઈ કેટલાય મહિનાથી મહોત્સવ-સજ્જા કરી રહ્યા છે.

આપ સૌની સમક્ષ એક દિવ્ય આસ્થા - સ્વપ્ન સાકાર થયેલું દષ્ટિગોચર થાય છે. અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ઉપર આ નવનિર્મિત મંદિર શ્રી સ્વરૂપે ! અને હું બ્રહ્મજ્યોતિ આજે આ આનંદનૃત્યોત્સવ, 'નવધાભક્તિ વંદના'ની ઊર્મિવર્ષા સહ આ બ્રહ્મસ્વરૂપોની દિવ્ય નિશ્રા અને આપના સુભગ સાંનિધ્યનું સ્વાગત કરું છું.

નવધાભક્તિ નવ-વિધા ભક્તિ છે. નવ માર્ગ - જે પ્રભુ સુધી લઈ જાય છે - એમ સ્વયં પ્રભુએ શ્રી રામ સ્વરૂપે ભક્ત શબરીજીને ત્રેતાયુગમાં વર્ણવ્યું હતું. આ જ વાત, સત્‌યુગમાં ભક્ત પ્રહ્‌લાદે પિતા હિરણ્યકશ્યપને સમજાવી હતી.

આ ઉપરાંત 'શ્રી નારદ ભક્તિ સૂત્ર-૨'માં सा त्वस्मिन परम प्रेम स्वरूपा એમ ભક્તિને પરમ પ્રેમસ્વરૂપા તરીકે અને 'શાંડિલ્ય ભક્તિ સૂત્ર-૨'માં सा परानुरक्तिरीश्वरे - ભક્તિ એ ઈશ્વરમાં પરમ અનુરાગરૂપા કહેવાઈ છે.

આપણા સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીના શબ્દોમાં "ભક્તિ એટલે જેના દ્વારા દેહભાવ નિર્મૂળ થાય અને જે ભગવાનના ધારક સંતની આજ્ઞાથી અને ભગવાનના પ્રગટ સાકાર સ્વરૂપને પ્રસન્ન કરવા જ કર્યાં હોય તેવાં કર્મ."


'ગઢડા મધ્યના ૧૦મા વચનામૃત' અનુસાર ભક્તિ અતિ દુર્લભ છે. 'જ્ઞાન, વૈરાગ્યમાં દૈવત તો છે, પણ ભક્તિ જેટલું નથી'; એમ સ્વયં શ્રીજી મહારાજ કહે છે.

જો ધર્મ, અર્થ અને કામ સંબંધી ફળની ઈચ્છાનો ત્યાગ કરીને તે નાં તે શુભકર્મ જો ભગવાનની પ્રસન્નતા અર્થે કરે તો તે ભક્તિરૂપ છે અને કેવળ મોક્ષની પ્રાપ્તિ અર્થે થાય છે.

આમ, નિષ્કામ કર્મયોગ સિદ્ધ કરવાનું સાધન છે ભક્તિ. અને કર્મયોગનું મૂર્તિમંત સ્વરૂપ છે આ અનુપમ મિશન તથા તેના પ્રત્યેક સંત ! તેથી જ તો અહીંના નવનિર્મિત મંદિરમાં જ્યારે પ્રભુ પધારી રહ્યા છે ત્યારે આ મંદિરના પ્રત્યેક સ્તંભ ઉપર આ સંતોએ ઝાઝેરાં જતન કરીને તેમનો જીવનમંત્ર - કર્મયોગ સમાજના સૌ ભક્તોને સુપ્રાપ્ય બને તે અર્થે નવધાભક્તિના અમૂલ્ય સંદેશને આલેખિત કરીને ચિરંજીવ કર્યો છે.

श्रवणम्, कीर्तनम्, स्मरणम्, पादसेवनम्, अर्चना, वंदनम्, दास्यम्, सख्यम्, आत्मनिवेदनम् भक्तिमयम् नव-विध भक्तिमयम् ।।

શ્રી ભાગવતપુરાણના સાતમા સ્કંધના પાંચમા અધ્યાયમાં આ પ્રમાણે નવધાભક્તિનું વર્ણન શ્રી કૃષ્ણ પરમાત્મા સ્વયં કરે છે.



## ઉત્સવ – નૃત્ય

આપણાં મંદિર આપણી સંસ્કૃતિનાં સ્રોત છે. આ નવનિર્મિત મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ એટલેઆપણી ભક્તિના ઉમંગનું નૃત્ય !

ભક્તિ શું છે ? સમર્પણનું ભાવવિભોર નૃત્ય !

નૃત્ય શું છે ? રસ અને ભાવની અભિવ્યક્તિથી "સ્વ"નું વિકેન્દ્રીકરણ ! નૃત્ય એ અહંકારનું રૂપાંતરણ છે. જે આરંભે સ્વકેન્દ્રી હોય છે, પરંતુ, અંતે નર્તક ના રહે – ફક્ત નર્તન રહે ! ઊર્જા રહે ! ભક્તિ રહે ! ભક્તિ એ એવું નૃત્ય છે.

હું લુપ્ત થઈ જાઉં,
નૃત્ય પ્રગટ રહે !
હું મૌન થઈ જાઉં,
નૃત્ય ઝંકૃત રહે !
હું વિલીન થઈ જાઉં,
નૃત્ય શેષ રહે !

આવું અસ્તિત્વનું નૃત્ય એ જ ભક્તિ.

ભક્તિ નૃત્યોત્સવને કરીએ પ્રશસ્ત – ઉત્સવ નૃત્યથી...

આદિકાળથી જ ભારતમાં ભક્તિની ભાગીરથી વહે છે. અહીં જ્ઞાનનાં પાંચ પર્વમાં ભક્તિને 'પર્વ' કહીને સન્માનિત કરવામાં આવી છે. સમારંભના આરંભે મંગલદીપ પ્રાગટ્ય હોય તો નૃત્યોત્સવના શુભારંભે અનેક લક્ષ્મીસ્વરૂપાઓના હસ્તે શત શત મંગલદીપ પ્રગટે અને મંગલદર્શન થાય... દીપનૃત્યનું !

ન કેવળ સ્થૂળ તાત્પર્યે દીવાનો પ્રકાશ જ્ઞાન, સુખ, સમૃદ્ધિ, ઊર્જા, અર્ઘ્ય અને હકારાત્મકતાને આપણા અંતરમનમાં ઉજાગર કરે છે. દીવો ભારતની અમર સંસ્કૃતિ તથા અખંડ શ્રદ્ધાનું ઝળહળતું પ્રતીક છે, જે શ્રદ્ધા ભારતીયની અજેય એવી આંતરિક આધ્યાત્મિક શક્તિની ગંગોત્રી છે.

दीपज्योति परब्रह्म ।
दीप सर्वतमोड पहः ।
संध्या दीप नमोस्तु ते ।।

## ઉત્સવ ગીત : અક્ષરના ધામી...

અક્ષરધામના ધામી પંડે, સ્વામી ગુણાતીતજી સંગે,
મંદિરજીમાં આજે મારે, ઉર આનંદ ઉમંગે રે...

જપ-તપ મારાં જીવનભરનાં ખીલ્યાં થઈ વરદાન,
ધન્યઘડીઅહોભાગ્યઅમારાં,સેવાઅમોલકપામીરે...

યજ્ઞપુરુષજી સંગે સ્વામી યોગીરાજ બિરાજે,
ઝળહળ શોભે સ્વર્ણિમ રુપે, વંદન ગુરુહરિ સ્વામી રે...

તાળી વગાડી ગાઓ વધાવી ઢોલ મંજિરાં ગાજે,
પ્રગટમળ્યાઆજસાહેબરુપે,મુજનેશ્રીજી-સ્વામીરે..

‘અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરુપસ્ય દાસોઽસ્મિ’


સ્વામિનારાયણ... જય શ્રી સ્વામિનારાયણ...!



## ભક્તિ

એવાં કર્મ, જેના દ્વારા
દેહભાવ નિર્મૂળ થાય
અને
જે ભગવાનનાધારક
સંતની આજ્ઞાથી અને
ભગવાનના પ્રગટ
સાકાર સ્વરૂપને
પ્રસન્ન કરવા જ
કર્યાં હોય, તેવાં કર્મ
એ ભક્તિ.

સાહેબના ભાવભર્યા
જય સ્વામિનારાયણ !



## નવધાભક્તિ ૧

# શ્રવણભક્તિ

ઈશ્વરની લીલા તથા માહાત્મ્યની કથાને શ્રદ્ધા સહિત અખંડ સાંભળવી એ જ શ્રવણભક્તિ.

'ભક્તિ રસાયન'માં શ્રી મધુસૂદન સરસ્વતીના મતે, "જ્યારે મન ભગવત ધર્મનું શ્રવણ કરતાં ભગવદ્‌મય બને છે, ત્યારે તેની વૃત્તિઓ પાણીના પ્રવાહની જેમ પ્રભુ તરફ વળે છે."

વળી, સાહેબજી કહે છે :

"ગુણગ્રાહ્ય દૃષ્ટિરૂપી ગળણી રાખી,

પ્રભુ પ્રસન્ન થાય તેવું પ્રત્યેક સ્મરણ તે શ્રેષ્ઠ શ્રવણભક્તિ"

શ્રવણભક્તિ આપણી, અને, 'બોલ્યા શ્રી હરિ રે !'

નવધાભક્તિ વંદના નૃત્યોત્સવમાં ગુજરાતને આંગણે ગુજરાતના ગરવા ગરબા સ્વરૂપે શ્રવણભક્તિ સુમન અર્પણ કરશે વેમાર મંડળની બહેનો.

## શ્રવણભક્તિ : બોલ્યા શ્રી હરિ રે...

બોલ્યા શ્રી હરિ રે, સાંભળો નરનારી હરિજન,
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન...

મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત...

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ...

અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...

તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...

જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન...

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...

એમ મને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી...

હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
'પ્રેમાનંદ'નો રે, વા'લો વરસ્યા અમૃત મેહ...

# શ્રવણ

ગુણગ્રાહ્ય
દૃષ્ટિરૂપી
ગળણી રાખી,
પ્રભુ પ્રસન્ન થાય
તેવું
પ્રત્યેક સ્મરણ
એ શ્રેષ્ઠ
શ્રવણભક્તિ.

સંતભગવંત
સાહેબજી



# નવધાભક્તિ ૨

## કીર્તનભક્તિ

પ્રભુના નામ, ગુણ, લીલા-ચરિત્રો, મૂર્તિ અને માહાત્મ્યનાં ગાન તે કીર્તનભક્તિ.

આ કીર્તનભક્તિ વિષે આપણા સાહેબજી કહે છે, "ભગવાન અને ભગવાનના પ્રગટ સ્વરૂપની સ્મૃતિ સહિત ભગવાનની પ્રસન્નતાર્થે અનેક સ્વરૂપે ભગવાનનાં માહાત્મ્યગાન તે શ્રેષ્ઠ કીર્તનભક્તિ."

શ્રી નારદજી, વ્યાસજી, વાલ્મીકિ, શુકદેવજી, ચૈતન્ય મહાપ્રભુજી તથા નરસિંહ જેવા આ શ્રેણીના ભક્ત થઈ ગયા.


કીર્તન એ ભક્તને ભગવાનની અત્યંત સમીપ રાખતી ભક્તિ છે.

પ્રસ્તુતિ ભારતીય શાસ્ત્રીય નૃત્ય કથકનો આધાર લઈને કરી રહી છે, અંકલેશ્વર મંડળની દીકરીઓ.

ગર્ગાચાર્યએ પણ કહ્યું છે, कथादि इष्यति गर्गः। અને કથક નૃત્યશૈલી કથાના જ પ્રયોજનથી ઉત્પત્તિ તથા ઉત્ક્રાંતિ પામી છે. તેથી રાષ્ટ્રકવિ શ્રી રામધારી સિંહ 'દિનકર'ના શબ્દોમાં...

આદિ લાસ અવિગત  
અનાદિ સ્વર અમર  
નૃત્ય ગતિ, તાલ ચિરંતન  
અંગ-ભંગિ હું-કૃતિ-ઝંકૃતિ  
કર થિરક થિરક હે વિશ્વંભર !





### કીર્તનભક્તિ : મંગલકારી રે...

મંગલકારી રે, સ્વામી શ્રી સહજાનંદ,  
અધમ ઓધારણ રે, પ્રગટ્યા મેટણ ભવફંદ...

જે શ્રી કૃષ્ન રે, કહાવે અક્ષર આધાર,  
તે અવતરિયા રે, સ્વામી શ્રી ધર્મકુમાર...

નિગમ ન જાણે રે, જ્યાં ન પહોંચે મન વાણી,  
ભક્તિધર્મ ગૃહે રે, આવ્યાં તે સારંગપાણિ...

પુરુષોત્તમજી રે, સહજાનંદ જગ વિખ્યાતા,  
પ્રેમાનંદ કહે રે, કૈવલ્ય મુક્તિના દાતા...

# કીર્તન

ભગવાન અને
ભગવાનના
પ્રગટ સ્વરૂપની
સ્મૃતિ સહિત
ભગવાનની
પ્રસન્નતાર્થે
અનેક સ્વરૂપે
ભગવાનનાં
માહાત્મ્યગાન
એ શ્રેષ્ઠ કીર્તનભક્તિ.

સંતભગવંત
સાહેબજી



## નવધાભક્તિ ૩

# સ્મરણભક્તિ

અનન્ય ભાવથી મુગ્ધ થઈ પરમેશ્વરનાં નામ તથા માહાત્મ્યનું નિરંતર સ્મરણ એ સ્મરણભક્તિ.

આપણા સાહેબજી કહે છે, "પ્રભુના પ્રગટ સત્પુરુષ રૂપી નામીની સ્મૃતિએ સહિત ૐ શ્રી સ્વામિનારાયણ નામનું શ્રદ્ધા સહિત નિરંતર રટણ તે શ્રેષ્ઠ સ્મરણભક્તિ."

મનમાં વિચારોનું નૃત્ય શમે પછી પોતાના ઈષ્ટનું નામ આવતાં જ હૃદય ઊછળી પડે - એ શું નૃત્ય નથી ?

આ હર્ષ - નૃત્યોત્સવમાં ઢોલ, તાશા અને ઝાંઝના તાલે લેઝિમનૃત્ય લઈને લાઝમી છે કે મુંબઈ અને ચેન્નાઈ મંડળ આપણને સ્મરણભક્તિ કરાવે.

લેઝિમનૃત્ય એ મહારાષ્ટ્રના ધાર્મિક લોકોત્સવમાં કરવામાં આવતું લયપ્રધાન લોકનૃત્ય છે.

ભક્ત ધ્રુવ, ભરત, ગોપીઓ સર્વે સ્મરણભક્તિ દ્વારા પ્રભુને પામી ચૂક્યાં છે.

આ નૃત્ય આપણને સ્મરણભક્તિના પ્રમુખ પ્રતીક સમા ભક્ત પ્રહલાદજીની ભક્તિનું પણ સહજ સ્મરણ કરાવશે !

### સ્મરણભક્તિ : તારી એક એક પળ...

**તારી એક એક પળ જાય લાખની,**
**તું તો માળા રે જપી લે ઘનશ્યામની...**

**ખાલી આવ્યા ખાલી જાશો, સાથે શું લાવ્યા લઈ જાશો,**
**જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી...**


**જૂઠા જગના જૂઠા ખેલ, મનવા મારું તારું મેલ;**
**તું તો છોડી દેને ચિંતા આખા ગામની...**

**વહાલા યોગીજી મહારાજ, મારા ચિત્તડાના ચોર;**
**મેં તો મૂર્તિ જોઈ છે યોગીરાજની...**

**હૈયે લાગી તાલાવેલી, આંખે આંસુડાંની હેલી;**
**ભક્તો ચેતીને ચાલોને જમના મારથી...**

**ભક્તિ ખાંડા કેરી ધાર, તેથી ઊતરવું ભવ પાર;**
**જેને લાગી છે લગન ભગવાનમાં,**

**તે તો સુખેથી જાયે છે અક્ષરધામમાં...**





# સ્મરણ

પ્રભુના
પ્રગટ સત્પુરુષ રૂપી
નામીની
સ્મૃતિએ સહિત
ૐ સ્વામિનારાયણ
નામનું શ્રદ્ધાસહિત
નિરંતર રટણ
એ શ્રેષ્ઠ
સ્મરણભક્તિ.

સંતભગવંત
સાહેબજી

નવધાભક્તિ ૪

# પાદ-સેવન ભક્તિ

પ્રભુની ચરણસેવા કરતાં કરતાં પ્રભુ પ્રત્યે શરણાગતભાવે પ્રેમસભર સમર્પણ એ પાદ-સેવન ભક્તિ.

સંતભગવંત સાહેબજીના શબ્દોમાં, "ભગવાનના ચરણારવિંદ સમાન ભગવાનધારક સત્પુરુષની આજ્ઞાનું અહોહોભાવે અને શ્રદ્ધાસહિત પાલન તે શ્રેષ્ઠ પાદ-સેવન ભક્તિ."

આ રીતે, અનુપમ મિશન દ્વારા પ્રેરિત તમામ સમાજસેવાની પ્રવૃત્તિઓ એ પાદ-સેવન ભક્તિ જ છે !

ભક્તિના રંગમાં ડૂબીને જ્યારે જ્યારે કલમ-લેખિની ચાલી ત્યારે ત્યારે શબ્દે-શબ્દનું નૃત્ય નિપજ્યું !

એ નૃત્યના શબ્દો મીરાંના હોય કે કબીરના, તુલસીદાસજીના હોય કે નંદપંક્તિના કોઈ સંત-ભક્ત કવિના.

સુરત મંડળ સર્જનાત્મક નૃત્ય (Creative Dance) પ્રસ્તુત કરશે. જેમાં અનેક પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંસાર-રસનાં બેડાં ઊંધાં પાડીને એના ઉપર જે એક પગે ઊભા રહી શકે - તે પાદ-સેવનભક્તિ કરી શકે ! આ ભક્તિના પ્રતીકરૂપ શ્રી લક્ષ્મીજી પણ નૃત્યના અંતે દર્શન દેશે !

## પાદ-સેવન ભક્તિ : હમ તો એક સહજાનંદ...

**હમ તો એક સહજાનંદ ચરનકે ઉપાસી,**
**લગન મગન મતવારે છોડી સબ આસી... હમ. ટેક**

**અડસઠ અબ કોન કરે, કોન ફીરે કાશી,**
**અષ્ટ સિદ્ધિ આદિક ચઉં મુક્તિસેં ઉદાસી... હમ.૧**

**ચૌદ લોક ભોગકે સુખ જાને સબ ફાંસી,**
**સહજાનંદ પદપંકજ મકરંદકે પ્યાસી... હમ.૨**

**ચરનકમલ રસ લોભી મતિકે ઉજાસી,**
**નારદ સનકાદિ મધુપ ગુંજત બનબાસી... હમ. ૩**

**પુરુષોત્તમ સહજાનંદ જાને સુખરાસી,**
**પ્રેમાનંદ આયો શરન ચરનકો નિવાસી... હમ. ૪**



# પાદ-સેવન

ભગવાનના
ચરણારવિંદ સમાન
ભગવાનધારક
સત્પુરુષની આજ્ઞાનું
અહોહોભાવે અને
શ્રદ્ધાસહિત પાલન
એ શ્રેષ્ઠ
પાદ-સેવન ભક્તિ.

સંતભગવંત
સાહેબજી



# નવધાભક્તિ ૫

## અર્ચનભક્તિ

મન, વચન અને કર્મથી પવિત્ર સામગ્રી દ્વારા પ્રભુનાં પૂજન - અર્ચન.

પરમ પૂજ્ય સાહેબજી કહે છે, "ભગવાનના સંતો-ભક્તોની ભગવાનના ભાવથી સ્વધર્મયુક્ત સેવા તે શ્રેષ્ઠ અર્ચનભક્તિ."

પરાશર પુત્ર શ્રી વ્યાસજીના મત અનુસાર, पूजादिस्वनुराग इति पाराशर्यः ।

પૂજામાં પ્રેમ પ્રગટે એ ભક્તિ ! (નારદ ભક્તિ સૂત્ર-૧૦)

પૂજા-અર્ચનાનું પ્રસ્તુત પદ contemporary dance તથા ભારતીય શાસ્ત્રીયનૃત્યોનાઁ સાયુજ્યથી રજૂ થશે.

અનુપમ મિશનનાં વિદેશમાં વસતાં યુ.કે. તથા ઑસ્ટ્રેલિયા મંડળનાં આપણાં સત્સંગી બહેનો આ fusion dance દ્વારા અર્ચનભક્તિ અર્પણ કરશે !

રાજા પૃથુ તથા અમ્બરીષે અર્ચનભક્તિ થકી પ્રભુ-પ્રાપ્તિ કરી હતી.

આપણી સંસ્કૃતિમાં પૂજન-અર્ચન માત્ર બાહ્યોપચાર નથી, બલકે, અનન્ય પ્રતીકાત્મક મહત્ત્વ ધરાવે છે.

પ્રભુની મૂર્તિ આપણી પોતાની આસ્થાની મૂર્તિ છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે ને, "આસ્થા એ પક્ષી છે જે વહેલી સવારે અંધારું હોય તો પણ - સૂર્યોદયની અનુભૂતિ કરે છે !"

આપણી આસ્થા પ્રભુની મૂર્તિ સ્વરૂપ અને ગુરુની પ્રગટમૂર્તિ સ્વરૂપ પણ હોય છે. તેમના પૂજનમાં અર્પણ થતા કુમકુમનો રંગ લાલ આપણા પ્રેમ અને સમર્પણનો રંગ છે.

વ્યક્તિના શરીરમાંથી વહેતી ઊર્જાનો અને સવિશેષ પ્રજ્ઞાચક્રની ઊર્જાનો સંચય તેમજ સંવર્ધન કરવા શીતલ ચંદન તથા કુમકુમનો પ્રયોગ થાય છે.

આપણાં પૂજન પણ અક્ષતની જેમ ક્ષતિ-રહિત થાય તેવી ભાવનાથી સર્વોત્તમ એવા ધાન્ય અક્ષત-કુમકુમની સાથે અર્પણ કરીએ છીએ.

અર્પણ કરવામાં આવતી આરતીની જ્યોત આપણા આત્માની પ્રતિકૃતિ છે.

પૂજાનાં પુષ્પ આપણી અંદર પાંગરેલાં સદાચારનાં પ્રતીક છે.

સમષ્ટિના દ્યોતક પૂર્ણકળશ પર બંધાતી નાડાછડી એ સમસ્ત અસ્તિત્વને દૈવી પ્રેમ, સંવાદિતા અને શ્રદ્ધાથી સાંકળીને ઈશ્વરને અર્પણ કરવાની ભાવના છે.

નૈવેદ્ય સ્વરૂપે આપણે અવિદ્યા પ્રભુના ચરણોમાં ધરાવીએ છીએ. અને પ્રભુ એને દિવ્ય પ્રસાદમાં પરિવર્તિત કરી આપે છે.

આમ, પ્રસાદ એ પ્રભુની કૃપા છે; જે આપણે સૌની સાથે વહેંચીને ગ્રહણ કરીએ છીએ.

નૈવેદ્ય અર્પણ ત્યાગ અને અપરિગ્રહ શિખવાડે છે.

આમ, આપણે જ્યારે પૂજન-અર્ચન કરીએ છીએ ત્યારે આપણી અંદર દિવ્ય-ચેતનાનો આવિર્ભાવ કરીએ એવી ભાવના છે. સર્વોત્તમ પદાર્થો ગ્રહણ કરી અને અર્પણ કરીએ, સર્વોત્તમ ભાવથી અર્પણ કરીએ અને આનંદપૂર્વક ગાતાં-વગાડતાં ભક્તિ કરીએ તેનું પ્રયોજન છે.

તાળીઓ પાડીને ભજન-આરતી ગાઈએ તો પાચનતંત્રને accu pressure દ્વારા સ્વસ્થ રાખીએ. આવો કાંઈક વૈજ્ઞાનિક અભિગમ છે-આપણી ઔપચારિક લાગતી પૂજા-વિધિમાં.

# અર્ચનભક્તિ : ગુરુદેવ આપકે ચરણોં કા...

ગુરુદેવ આપકે ચરણોં કા મૈં, પૂજન કરને આયા હૂઁ, (૨)
ચરણોં મેં ભેટ ચડાને કો, ખુદ હી કો લેકર આયા હૂઁ, (૨)
નૈનોં કે જલસે ચરણ ધોઈ, શ્રદ્ધા ભક્તિ ચંદન અર્પું... (૨)

યે સુમન પુષ્પ ચરણોં પે ધરા બુદ્ધિ સુમૂલ નૈવેદ્ય ધરું, (૨)
નિર્‌મલ વૈરાગ્ય વિવેક, રૂપ સે રૂપ દિખાને આયા હૂઁ...

ગુરુદેવ આપકે.



શ્લોક :
શ્રી વાસુદેવવિમલામૃત-ધામ-વાસં,
નારાયણં નરક-તારણ-નામધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ,
ત્વાં ભક્તિ-ધર્મ-તનયં શરણં પ્રપદ્યે
સાહેબજી ત્વમ્ નમામિ ॥


ઈસ ચિત્ત દિયે મેં જ્ઞાન અર્ધ્ય સે ત્રિગુણી બાટ ભિગા લાયા, (૨)
યોગાગ્નિ સે પ્રગટી જ્યોતિ ઈન ચરણોં તક તો લે આયા, (૨)
મમ હૃદય થાલ કી સોહમ્ જ્યોતિ સે આરતી કરને આયા હૂઁ...
ગુરુદેવ આપકે.

મન બુદ્ધિ ચિત્ત અહમ્ પતિદેહા ચરણો મેં ધરી વિશ્રામ લઉં, (૨)
યહ સબ કુછ તો આપહી કા થા ખુદકા સમજા થા ખેદ કરું, (૨)
કહત `પુનિત' બ્રહ્મજ્ઞાન મિટાકર ખુદકો મિટાને આયા હૂઁ...
ગુરુદેવ આપકે.

## અર્ચન

ભગવાનના
સંતો-ભક્તોની
ભગવાનના ભાવથી
સ્વધર્મે યુક્ત સેવા
એ શ્રેષ્ઠ
અર્ચનભક્તિ.

સંતભગવંત
સાહેબજી



**નવધાભક્તિ ૬**

# વંદન

ભગવાનને, સાધુને, આચાર્યને, ગુરુને, માતા-પિતા તથા સર્વ આદરણીય જીવ-પ્રાણી માત્રને આદરપૂર્વક વંદન.

પરમ પૂજ્ય સાહેબજીના વર્ણાનાનુસાર, "ભગવાનના પ્રત્યેક સર્જન પ્રતિ આદરભાવપૂર્વક ભગવાનના ભાવથી વંદન ધરી, તેમની યથાશક્તિ સ્વધર્મયુક્ત સેવા કરવી તે શ્રેષ્ઠ વંદનભક્તિ."

ઈશ્વર અને ઈશ્વર નિર્મિત સમસ્ત વિશ્વને ઈશ્વરનું જ સ્વરૂપ સમજીને નમન કરવું એ પણ વંદનભક્તિ છે. અક્રુરજી વંદનભક્ત થઈ ગયા.

ભરતનાટ્યમ નૃત્યશૈલીનો આધાર લઈને contemporary danceના સંયોજન દ્વારા વંદનભક્તિના નૃત્યની પ્રસ્તુતિ United Statesમાં રહેતી દીકરીઓ કરશે.

વંદનમાં બે હથેળીઓનાં જોડાણ પારસ્પરિક સંવાદિતા છે. નમન, નમ્રતા સાથે પોતાના અહંકારની અવગણનાનું દ્યોતક છે.

વળી, હૃદયચક્ર અથવા પ્રજ્ઞાચક્ર તરફ જતી અંગુલિકાઓ અને નમતું મસ્તક માત્ર ઔપચારિક ચેષ્ટા ન રહેતાં, જો અર્થપૂર્ણ બને તો તે પોતાના આત્મા દ્વારા સમસ્ત અસ્તિત્વનું અભિવાદન બની રહે !

## વંદનભક્તિ : વંદન વારંવાર, યોગીજીને...

**વંદન વારંવાર, યોગીજીને વંદન વારંવાર,**
**યોગીજીને વંદન વારંવારજી,**
**જાણ્યા મેં તો ભક્ત તણા પ્રતિપાળ... (૨)**
**યોગીજીને વંદન.**

**વાણી મીઠી લાગે મધુરી, અમૃતની એ ધારજી, (૨)**
**સ્વર સુણતાં ઊઘડ્યાં મારાં, (૨) અંતરનાં એ દ્વાર...**
**યોગીજીને. ૧**

**દૃષ્ટિમાં ભરી દિવ્યતા જાણો, દયા અપરંપારજી, (૨)**
**દૃષ્ટિ માત્રે કંઈક જીવને, (૨) ઉતાર્યા ભવ પાર...**
**યોગીજીને. ૨**

**ગુણાતીત કરવાને કાજે, ધર્યો છે અવતારજી, (૨)**
**મોક્ષ દેવા મુમુક્ષુઓને, (૨) વિચરે સાંજ સવાર...**
**યોગીજીને. ૩**

**સમજ્યો ગુણાતીત જ્ઞાનને બન્યો `કેશવ' દાસજી, (૨)**
**અંતકાળે યોગી આવજો, (૨) મને ઉતારવા ભવ પાર...**
**યોગીજીને. ૪**





# વંદન

ભગવાનના
પ્રત્યેક સર્જન પ્રતિ
આદરભાવપૂર્વક
ભગવાનના ભાવથી
વંદન ધરી,
તેમની યથાશક્તિ
સ્વધર્મે યુક્ત
સેવા કરવી
એ શ્રેષ્ઠ વંદનભક્તિ.

સંતભગવંત
સાહેબજી

# નવધાભક્તિ ૭

## દાસ્ય

પરમેશ્વરને સ્વામી અને સ્વયંને તેના દાસ માની શ્રદ્ધાપૂર્વક સેવા.

અને આપણા દિવ્ય સાહેબજીની દિવ્યવાણી પ્રમાણે, "અક્ષર એવો હું પ્રભુના પ્રગટ સ્વરૂપનો દાસ છું તેવી સ્પષ્ટ સમજ અને દઢભાવ સહિત પ્રભુના સંબંધવાળા સૌ પ્રતિ નિર્દોષબુદ્ધિએ યુક્ત દાસભાવ એ શ્રેષ્ઠ દાસત્વભક્તિ."

શ્રી હનુમાનજી તથા શ્રી લક્ષ્મણજી દાસ્યભાવના ઉત્તમ ભક્ત થઈ ગયા. અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ તો દાસત્વભક્તિના સર્વોત્તમ આદર્શ માનવદેહમાં જીવી પ્રેરણા આપી છે.

રંગીલા રાજસ્થાનના કિશનગઢ-અજમેરના ગુર્જર સમુદાયની મહિલાઓનું પ્રસિદ્ધ લોકનૃત્ય - ચરીનૃત્ય. ચરી અર્થાત્ બેડું.

લાગે મનમોહક પણ કરવામાં કઠિન, દાસ્યભક્તિ જેવું.

આ ચરીનૃત્ય શુભપ્રસંગે તથા ધાર્મિક ઉત્સવોમાં વિશેષ સમારંભોમાં કરવામાં આવે છે.

ચરી માથે દાસ્યભાવ અને સમર્પણ શૌર્યની અગન જ્વાળા લઈને અમદાવાદ મંડળ પ્રસ્તુત કરી રહ્યા છે... "રાજસ્થાની ચરી નૃત્ય."

### દાસ્યભક્તિ : કેસરિયા માને હો...

કેસરિયા મ્હાને હો, રખજ્યો રાજરો ગુલામ;
ચરણ પનૈયાં ગ્રહી કર આગે, ઊભો રહું આઠો જામ...
કેસરિયા.

હૂં ચાકર થારો દામ બિનારો, થે મારા ઠાકર શ્યામ;
જો હરિવર કાંઈ ચૂક પડે તો, કરજો તાડન લૈ લગામ...
કેસરિયા.

જ્યું રાજ રીઝો ત્યું હી કરુંગો, કરી છલકપટ હરામ;
'પ્રેમાનંદ'ને રાવલો જાણો, સબ વિધિ પૂરણ કામ...
કેસરિયા.

# દાસ્ય

અક્ષર એવો હું
પ્રભુના પ્રગટસ્વરૂપનો
દાસ છું
તેવી સ્પષ્ટ સમજ અને
દૃઢ ભાવ સહિત
પ્રભુના સંબંધવાળા
સૌ આત્મા પ્રતિ
નિર્દોષબુદ્ધિએ યુક્ત
દાસભાવ
એ શ્રેષ્ઠ દાસત્વભક્તિ.

સંતભગવંત
સાહેબજી



# નવધાભક્તિ ૮

## સખ્ય

પ્રભુને જ પરમમિત્ર માની પોતાનાં સુખ-દુઃખ કે પાપ-પુણ્યનાં નિવેદન કરવાં.

પૂજ્ય સાહેબજી કહે છે, "ભગવાનની અનન્ય કૃપાથી ભગવાનના પ્રગટસ્વરૂપ પ્રતિ પરમ પ્રિય મિત્રભાવે થઈ જતું પ્રેમસભર સમર્પણ તે શ્રેષ્ઠ સખ્ય ભક્તિ."

ભગવાનને પોતાના પરમ હિતકારી માનીને પ્રભુ સાથે સખ્યભાવે જોડાઈને પ્રભુપ્રાપ્તિ કરનારા અર્જુન, ઉદ્ધવજી તથા સુદામા આ શ્રેણીના ભક્ત છે.

આપણા અનુપમ "અષ્ટસખા" પૂજ્ય અશ્વિનભાઈ, પૂજ્ય સનંદભાઈ, પૂજ્ય શાંતિભાઈ, પૂજ્ય રતિભાઈ, પૂજ્ય પૂનમભાઈ, પૂજ્ય વિઠ્ઠલભાઈ, પૂજ્ય હર્ષદભાઈ, પૂજ્ય રમેશભાઈ અને પૂજ્ય અરુણભાઈ પણ સખ્ય ભક્તિના પ્રત્યક્ષ-પ્રગટ ઉદાહરણ છે.

અષ્ટસખાના આઠ રંગની ગૂંથણીથી ગોફનૃત્ય રજૂ કરશે મોગરી મંડળ. ગોફને સૌરાષ્ટ્રમાં સોળંગારાસ પણ કહેવામાં આવે છે.

સખ્યભક્તિને પ્રતીકાત્મક રીતે દર્શાવતું આ નૃત્ય, સાચી મિત્રતાની જેમ જ, નિભાવવું સહેલું નથી.

આ બ્રહ્મલીલામાં પ્રભુ સંગે સ્નેહ-મૈત્રીના રંગ-રેશમી બંધનથી બંધાઈ જવું અને એ બંધન થકી જ પરમ મુક્તિને પામી જવું - આ જ છે સખ્યભક્તિનું જીવન-નૃત્ય !

### સખ્યભક્તિ : આજ સરખે સરખા ભેરુ...

**સાખી :**

હે... ચૈતન્ય પટ પર રમઝટ રાસ રમે, રસિયોજી વાલમ અવનવા રંગ ધરે...
હે... નિત નવા મુક્તરૂપે, બ્રહ્મરસ એ તો પૂરે,

ઘાટ નવા નિત્ય ઘડી ઝબકોળે પ્રીતરસે, (૨)
પળેપળ ખેલી રહ્યા પરબ્રહ્મ પૂર્ણપણે, દિવ્ય દિવ્ય આનંદ ઉર છાયે...
હેઈ... આવો આવો સંગે રંગે રમીએ પ્રીતમ સંગે, રસિયોજી વાલમ રાસ રમે...
આજ રસિયોજી રમઝટ રાસ રમે... (૩)

આજ સરખેસરખા ભેરુ આનંદમાં ઘૂમે છે...
એના મન મંદિરિયાની માંહે વ્હાલો મારો ઘૂમે છે,
હે...ઈ ઘૂમે છે રે કાંઈ રૂમે છે... (૨) આજ સરખેસરખા.

આજ સુધી શ્યામજીને જેવા તેવા જાણ્યા, (૨)
સાક્ષાત્ નારાયણ સ્હેજે ઓળખાયા, (૨)
હે...ઈ દેવોને દુર્લભ એવા હરિ હોંશેથી, (૨)
જેવા છે તેવા ઓળખાયે છે... (૨) આજ સરખેસરખા.


દોસ્તોમાં દોસ્તીનાં બીજ એણે વાવ્યાં, (૨)
દેહ દીધા હવે મન ઝુકાવ્યાં, હે...ઈ (૨)
હે...ઈ ઢીલા ન પડશો ભેરુ, કોણ આપણને મળ્યું, (૨)
એના બળે જંગ એ જિતાડે... (૨) આજ સરખેસરખા.



# સખ્ય

ભગવાનની
અનન્ય કૃપાથી
ભગવાનના પ્રગટસ્વરૂપ પ્રતિ
પરમ પ્રિય મિત્રભાવે થઈ જતું
પ્રેમસભર સમર્પણ એ
શ્રેષ્ઠ સખ્યભક્તિ.

સંતભગવંત
સાહેબજી



હેલી આવી આનંદની આજ કે મનભર નાચો રે... (૨)
મનભર નાચો મનભર ગાઓ, (૨)
અંતરે ઉડાડી ગુલાલ કે મનભર નાચો રે... (૨) હે હેલી.

બાપાનો આ વારસ આવ્યો, (૨)
યોગી સંદેશ દઈ જાય કે મનભર નાચો રે... (૨) હે હેલી.

મારા વ્હાલાનું શરણું એવું, (૨)
ઉતારે છે ભવ પાર કે મનભર નાચો રે... (૨) હે હેલી.

સરખેસરખા ભેરુ આનંદમાં ઘૂમે છે,
એના મન મંદિરિયાની માંહે વ્હાલો મારો ઘૂમે છે.. (૨)હે હેલી.

# નવધાભક્તિ ૯

# આત્મનિવેદન

આત્મનિવેદન ભક્તિએટલે સ્વયંની સ્હેજ પણ સ્વતંત્રતા રાખ્યા સિવાય પરમેશ્વર પ્રતિ સદાકાળ સંપૂર્ણ સમર્પણ.

જ્યારે સંતભગવંત સાહેબજી સમજાવે છે કે, "ભગવાનની પ્રસન્નતાર્થે ભગવાનના પરમસ્વરૂપની આજ્ઞાથી અહોહોભાવે કરેલા સમર્પણ દ્વારા પ્રાપ્ત નિર્ગુણ-નિષ્કામ ગુણાતીતભાવ તે શ્રેષ્ઠ આત્મનિવેદન ભક્તિ."

બલિરાજાએ જે સિદ્ધ કરી એ પરમ સમર્પણ સ્વરૂપા આત્મનિવેદન ભક્તિની પૂર્વશરત છે - અહંકાર રહિત થઈ જવું !

અધ્યાત્મિક દૃષ્ટિએ સૌથી મુશ્કેલ આ ભક્તિ આપણે આ સૌથી "મોટાં" ભક્ત દીકરીઓ પાસેથી શીખવાની સાચે જ જરૂર છે.

કર્તા-હર્તા માત્ર પ્રભુ છે, અને હું તેમના હાથની કઠપૂતળી ! એ હલાવે તેમ હાલું, એ કરાવે તેમ જીવનનર્તન કરું.

દેહના આંગણે શ્વાસનું આ નૃત્ય ચાલે ત્યાં સુધી ! શ્વાસનું નર્તન અટકે એટલે આપણા દેહ શું ? લાકડું ! કાષ્ઠ ! કાષ્ઠની પૂતળી - "કઠપૂતળી."

આપણા રાજસ્થાનની હજારો વર્ષ જૂની આ આગવી લોકકલા છે, જેને તાદૃશ કરવાનો એક અહીં નમ્ર પ્રયાસ કર્યો છે પ્રસ્તુત નૃત્યમાં. જેને મોગરી મંડળનાં સૌથી મોટાં નૃત્યાંગનાઓ પૂજ્ય શાંતિદાદાની વિશેષ આજ્ઞાથી રજૂ કરી રહ્યાં છે.

નૃત્ય પહેલાં તો સ્વકેન્દ્રી હોય છે; પરંતુ, જ્યારે એ ઊર્ધ્વગતિ પામે ત્યારે એ મીરાંના નૃત્ય જેવું ભક્તિ-કેન્દ્રી થઈ જાય. અહંકાર-ઊર્જામાં પરિવર્તિત થઈ જાય. ફક્ત ભક્તિનું નર્તન રહે, ભગવાનની મરજી અનુસાર અને અહંકાર શૂન્ય થઈ જાય ત્યારે જીવ અનંત સાથે એકાકાર થઈ જાય ! આ છે બ્રહ્મલીલાનું દિવ્ય નર્તન !

પ્રકૃતિ સંપૂર્ણ સંગીત છે. જીવનમાત્ર એક નૃત્ય છે.

આત્મનિવેદનમાં ભક્તિશૌર્ય ભેળવશે રાજસ્થાનનું અન્ય એક લોકનૃત્ય "કચ્છઘોડી", જે પરંપરાગત પુરુષો દ્વારા ધોતી-કુર્તા અને માથે સાફો બાંધીને ઘોડાનો અસવાર બનીને કરવામાં આવતું શૌર્ય પ્રધાન - જોમવંતું નૃત્ય છે.

### આત્મનિવેદનભક્તિ : હાલતાં ને ચાલતાં...

**હાલતાં ને ચાલતાં રસ્તે મળે જો કોઈ પૂછે**
**અમસ્તું જ 'કેમ છો...?'**
**આપણે તો કહીએ કે અલમસ્ત મોજમાં,**
**ને ઉપરથી શ્રીહરિની રહેમ છે...**

**તડકા ને છાયા તો આવે ને જાયે,**
**નથી અંતરઉજાસ થતો ઓછો,**
**સ્વામિનારાયણના નામનો રે આશરો,**
**સર્વોપરી છે મને મોટો,**
**જીવનમાં પાનખર આવે છતાં ય,**
**મારી ભીતર વસંત એમ-નેમ છે...**
**આપણે તો કહીએ કે અલમસ્ત મોજમાં,**
**ને ઉપરથી શ્રીહરિની રહેમ છે...**
**હાલતાં ને ચાલતાં.**

સહુના જો પ્રેરક છે શ્રીજી નિયંત્રક તો,
કઠપૂતળીઓના આ ખેલ છે,
તાળો મળી જાયે સઘળા હિસાબનો,
જો જીવનમાં વાતનો આ મેળ છે,
રાખનાં રમકડાં છીએ હું ને તમે તો,
'હું'પદના આ બધા શા વ્હેમ છે ?...
આપણે તો કહીએ કે અલમસ્ત મોજમાં
ને ઉપરથી શ્રીહરિની રહેમ છે...
હાલતાં ને ચાલતાં.

ખોળિયું છે દેહ મારા આતમ અક્ષરનું જે,
બ્રહ્મરૂપ નિત્ય સહજાનંદમાં,
ચારે દિશાએ વળી નભ ને પાતાળમાં,
રમતી લીલાઓ બ્રહ્માનંદમાં,
સઘળું લૂંટાઈ જાય આવે પ્રલય તોય મારી,
ભીતરનો 'સાહેબ' હેમખેમ છે...
આપણે તો છઈએ ભાઈ શ્રીજીની મોજમાં
ને ઉપરથી સાહેબની રહેમ છે...
હાલતાં ને ચાલતાં.

# આત્મનિવેદન

ભગવાનની પ્રસન્નતાર્થે ભગવાનના
પરમસ્વરૂપની કૃપાથી
અહોહો ભાવે કરેલા સહજ સમર્પણ દ્વારા પ્રાપ્ત
નિર્ગુણ નિષ્કામગુણાતીતભાવ
એ શ્રેષ્ઠ આત્મનિવેદન ભક્તિ.

સંતભગવંત
સાહેબજી



# ઉપાસના ગીત - નૃત્ય

નવધાભક્તિમાંથી પોતાના સ્વભાવ-પ્રકૃતિને અનુકૂળ કોઈ એક ભક્તિ પણ જો નિષ્ઠાપૂર્વક થાય તો સુખ-દુ:ખ, માન-અપમાન, સિદ્ધિ-અસિદ્ધિ, જય-પરાજય, સ્તુતિ-નિંદા વગેરેથી પર સહજ-સમત્વપૂર્ણ આનંદની અવસ્થા પ્રાપ્ત થાય !

ઈશ્વરની પ્રગાઢ સંનિધિ અનુભવવી - એ અવસ્થા એટલે ઉપાસના !

ઉપ એટલે સમીપ... આસન એટલે બેસવું. અને, પ્રભુની જો સંનિધિ હોય, તો પછી તો જીવન પોતે જ એક આનંદોત્સવ બની રહે !

"હૂડો" સૌરાષ્ટ્રના ભરવાડોનું યુગલનૃત્ય છે, જે તરણેતરના મેળામાં વખણાય છે.

સામ-સામે હાથની તાળીના તાલ દઈ, હાથમાં રેશમી રૂમાલ અને તરણેતરની ભાતીગળ છત્રી સાથે હૂડો તરણેતરિયા મેળામાં માહોલ જમાવે છે.

તો મનપાંચમના મેળા જેવી ઉપાસનાની ઉપલબ્ધિના આનંદની લ્હાણી કરતી આ નવધાભક્તિ વંદના નૃત્યોત્સવની પ્રસ્તુતિ કરે છે ધારી મંડળની વિદ્યાર્થિની બહેનો.

આ નૃત્યમાં આપણને સ્વસ્તિક ચિહ્નનાં દર્શન થશે. ; તથા અસ્તિ - સારું થાઓ ! શુભમ્ ભવતુ ! આ માંગલ્ય સંદેશ ચિરસ્થાયી રહો !

પર્શિયન કવિ રુમીએ કહ્યું છે -

Dance, when you are broken open
Dance, if you'vetorn the bandage off,
Dance in the middle of the fighting
Dance in your blood
Dance, when you're perfectly free

~Rumi

## ઉપાસના ગીત : મોજમાં રહેવું...

મોજમાં રહેવું... મોજમાં રહેવું... મોજમાં રહેવું રે...
પાંચ વાતુંને નિત સંભારીને... (૨) મસ્ત રહેવું રે...
મોજમાં રહેવું...(૩)

નિત નવલાં મંગલ પર્‌ભાતે જાતને કહેવું રે...
અક્ષર આતમ મૂળ રૂપ તારું... (૨) દેહ તો ખોળિયું રે...
મોજમાં રહેવું...(૩)

સ્વામિનારાયણ સર્વોપરી સદા સાકાર મમ હિતકારી...
સાધુરૂપે પ્રતિ-અક્ષ બિરાજે...
સાહેબજીમાં હજૂર-હાજર મળ્યા છે... તો
ફિકર ફાકું રે,

મોજમાં રહેવું... (૩)

જીવને પ્રીતિએ જોડી સાધુના વચને જીવવું રે...
ધૂન નિર્દોષબુદ્ધિએ સેવામાં...
સુહૃદભાવે ભક્તોની ભક્તિમાં... જીવતર ઘોળવું રે,
મોજમાં રહી અલમસ્ત રહેવું... કેફમાં રહેવું રે...
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ રટતા રહેવું રે...
સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...સ્વામિનારાયણ
બોલ...

# કૃતજ્ઞભાવવંદના

અનુપમ ગુરૂવર્ય પરમ પૂજ્ય સાહેબજીની પ્રેરણા, પરમ પૂજ્ય શાંતિભાઈની પ્રાર્થના તથા પરમ પૂજ્ય અશ્વિનભાઈના આશિર્વાદથી સાકાર થયેલા આ નવધાભક્તિ વંદના નૃત્યોત્સવમાં અનુપમ મિશનના વ્રતધારી સાધકોએ અનુપમ આધાર પૂરો પાડ્યો છે. ભક્તિસંગીતનાં અમૃતસીંચનમાં પૂજ્ય અમીતભાઈ ઠક્કરનું તથા પૂજ્ય દિપ્તીબેન દેસાઈનાં ભક્તિસભર કંઠકલાપનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે તેમનો ઋણસ્વીકાર કરીએ છીએ. પૂજ્ય ડૉ. મનોજ સોનીનું મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂજ્ય કનુ પટેલનું સૌહાર્દપૂર્ણ કલાનિર્દેશન, પૂજ્ય ચેતન વ્યાસનું ચેતનવંત વ્યવસ્થાપન અને પૂજ્ય રાહુલ, પૂજ્ય સૌમ્ય તથા પૂજ્ય કૌશિકભાઈનું પ્રદાન આ ભક્તિવંદનાના સબળ સ્તંભ બની રહ્યા છે

પૂજ્ય ઊર્જા બેનના સતત ઊર્જા સંચાર તથા પૂજ્ય સીમાબેનની અસીમ સેવા-સાધનાના બળથી આયોજન પામેલો આ નૃત્યોત્સવ  પૂજ્ય મનાલી પટેલ, પૂજ્ય અર્ચનાબેન, પૂજ્ય વીધિબેન, પૂજ્ય શ્રુતિબેન પાઠક, પૂજ્ય નીલાબેન, પૂજ્ય પ્રાર્થના, પૂજ્ય અમીષાબેન, પૂજ્ય મેઘનાબેન, પૂજ્ય નતાશા સાંગાણી, પૂજ્ય સાત્ત્વી, પૂજ્ય જિતીક્ષાબેન, પૂજ્ય બંસરી પટેલ, પૂજ્ય મિત્તલબેન તથા જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના પૂજ્ય સ્નેહાબેનના અથાગ પરિશ્રમ અને અનન્ય સમર્પણ સાથે તમામ નૃત્યમાં ભાગ લેનાર નાની-મોટી કુલ ૨૩૫ દિકરીઓ તેમજ કુલ ૩૬ સ્વયં સેવીકા બહેનોની નિષ્ઠાપૂર્ણ, દીર્ઘકાલિન મહેનતનો પરિપાક છે, જે ભક્તિવંદનાના અર્ઘ્ય સ્વરૂપે ધામ-ધામી અને મુક્તોના ચરણે વિનમ્રભાવે સહર્ષ અર્પણ કરીએ છીએ.

પ્રત્યક્ષ અથવા પરોક્ષ સર્વે મદદકર્તા તેમજ પ્રાર્થનાકર્તાને સમસ્ત અનુપમ પરિવાર તરફથી મારા જય શ્રી સ્વામિનારાયણ! હું બ્રહ્મજ્યોતિ, આપની ઉપસ્થિતીથી આનંદિત છું!

અનુપમ
મિશન

**Shri Akshar Purushottam**
**Murti Pratistha Mandir Mahotsav Samiti**
**Brahmavidya Sadhna Mandir**
**Shree Swaminarayan Spiritual, Cultural & Community Center**
**Brahmajyoti, Yogiji Marg, Mogri - 388 345, Ta-Dist. : Anand**
Contact : +91-2692-230483 / 230544 | Email : amindia@anoopam.org
Mahotsav Contact : +91-2692-231116 / 79907 71299 | Email : mpm2020@anoopam.org